# ADMISSION COMMITTEE FOR PROFESSIONAL MEDICAL EDUCATIONAL COURSES (GNM/ANM)

## GUJARAT STATE

C/o. Dean, B. J. Medical College, New Civil Hospital Campus, Asarwa, Ahmedabad – 380 016
**Phone No.079-22680307** **Fax: 079-22680307**
Website: www.diplomanursing.in

*GNM/ANM નર્સિંગ કોર્ષ વિષે વારવાર પૂછાતા પ્રશ્નો ( **FAQ Related GNM And ANM Course** )*

**1) નર્સિંગ કોર્ષ શુ છે?**

➢ નર્સિંગ કોર્ષ એ જુદા,જુદા સમયગાળાના, ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ તેમજ ગુજરાત નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય કોર્ષ છે.

**2) ધોરણ ૧૨ પછી GNM/ANM કોર્ષ કરવા માટેની જાણકારી આપશો ?**

➢ (અ) જે ઉમેદવારે ધોરણ ૧૦+૨ ફક્ત સામાન્ય પ્રવાહ અથવા વિજ્ઞાન પ્રવાહ સાથે ઉત્તીર્ણ કરેલ હોય તેઓ ડિપ્લોમાં ઇન જનરલ નર્સિંગ એન્ડ મિડવાઇફરી (GNM) (હાલમાં ૩ વર્ષનો કોર્ષ) કોર્ષમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉમેદવારે GNM/ANM કોર્ષ માટે નિયત કરેલ પ્રવેશ અરજીપત્રક ભરવાનું રહેશે.

➢ (બ) જે ઉમેદવારે ધોરણ ૧૦+૨ ફક્ત સામાન્ય પ્રવાહ અંગ્રેજી વિષય સિવાય ઉત્તીર્ણ કરેલ હોય તેઓ ઓક્ઝીલરી નર્સીસ મિડવાઈવ્ઝ (ANM) ( હાલમાં બે વર્ષનો છે.) કોર્ષમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉમેદવારે GNM/ANM કોર્ષ માટે નિયત કરેલ પ્રવેશ અરજીપત્રક ભરવાનું રહેશે. ( વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહ અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય તેવા ઉમેદવારો પણ આ કોર્ષ કરી શકે છે. )

**3) ઉપર જણાવ્યા મુજબના કોર્ષમાં પ્રવેશ માટેની પ્રવેશ પ્રક્રિયા શુ છે ?**

➢ જનરલ નર્સિંગ એન્ડ મિડવાઈફરી કોર્ષ (GNM) અને ઓક્ઝીલરી નર્સીસ એન્ડ મીડવાઈવ્ઝ (ANM) માટેની પ્રવેશ પ્રક્રિયા અને અન્ય માહિતી એકજ સમિતિ દ્વારા સંયુક્ત નિયમોના આધારે થતી હોવાથી બંને કોર્ષની માહિતી નીચે મુજબ છે.

**4) જી.એન.એમ કોર્ષ એ શુ છે ?**

➢ જી.એન.એમ કોર્ષ એ નર્સિંગનો ડિપ્લોમાં કોર્ષ છે. જેનો સમય ગાળો હાલમાં ચાલતા કોર્ષ મુજબ ૩ વર્ષનો છે. જી.એન.એમ એટલે “ડિપ્લોમાં ઇન જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી કોર્ષ.

➢ **એ.એન.એમ કોર્ષ એ શુ છે ?**

➢ એ.એન.એમ કોર્ષ એ ધોરણ ૧૦+૨ બાદનો ૨ વર્ષનો કોર્ષ છે. એ.એન.એમ કોર્ષ એટલે ઓક્ઝીલરી નર્સીસ મીડવાઈવ્ઝ કોર્ષ.

**5) જી.એન.એમ/એ.એન.એમ કોર્ષની માન્યતા કોણ આપે છે?**

➢ જી.એન.એમ કોર્ષની માન્યતા ગુજરાત સરકાર, ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ તેમજ ગુજરાત નર્સિંગ કાઉન્સીલ આપે છે.

**6) પ્રાઇવેટ નર્સિંગ સ્કૂલમાં ચાલતા તમામ જી.એન.એમ/એ.એન.એમ કોર્ષ માન્ય હોય છે ?**

➢ રાજ્યમાં ઘણી સ્વનિર્ભર નર્સિંગ સ્કુલો કોલેજો છે. જેને ગુજરાત સરકાર, ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલે માન્યતા આપેલ છે. ખાસ કરીને માન્ય સંસ્થાઓની ચકાસણી કરવી ખુબજ જરૂરી છે. જેથી છેતરામણી ન થાય, તે માટે એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ મેડીકલ કોર્ષીસ (નર્સિંગ) ની વેબસાઈટ. www.diplomanursing.in પર તેમજ ગુજરાત નર્સિંગ કાઉન્સીલ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદનો સંપર્ક કરી જાણકારી મેળવવી.

**7) જી.એન.એમ/એ.એન.એમ માં પ્રવેશ મેળવવા હોય તો શુ કરવું ?**

- જી.એન.એમ/એ.એન.એમ માં પ્રવેશ મેળવવા માટે ની માહિતી નીચે મુજબ છે.

➢ ઉપર જણાવ્યા મુજબની વેબસાઈટ પર તેમજ અગ્રણી સમાચાર પત્રોમાં જાહેરાત આપવામાં આવે છે.

➢ દર વર્ષે પ્રવેશપત્ર તેમજ માહિતી પુસ્તિકા ક્યાંથી મેળવવી, ક્યાં પરત કરવી, સમય મર્યાદા વગેરે ઉપરાંત અગત્યના મુદ્દાઓ જેવાકે આરક્ષિત બેઠકો ( રીઝર્વ સીટ ) વગેરે વિષે જણાવવામાં આવે છે.

**8) પ્રવેશ પ્રક્રિયા વિષે જણાવશો ?**

➢ ગુજરાત રાજ્યમાં જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી કોર્ષ તેમજ ઓક્ઝીલરી નર્સીસ મીડવાઈવ્ઝ કોર્ષ માટે સરકારશ્રીએ નિયત કરેલ, સંયુક્ત પ્રવેશ સમિતિ દ્વારા કોમન મેરીટ લીસ્ટ બનાવી નિયમ અનુસાર આરક્ષિત બેઠકોની ટકાવારી મુજબ પ્રવેશ આપવામાં આવે છે. આ પ્રવેશના સમયપત્રકની જાણ ગુજરાતના અગ્રણી સમાચાર પત્રોમાં જાહેરાત આપવામાં આવે છે. અને તે મુજબ ઉમેદવારોએ હાજર રહેવાનું રહે છે. તેમજ કોલ લેટર પણ પ્રવેશ સમિતિ દ્વારા મોકલવામાં આવે છે. પરંતુ અગમ્ય કારણસર ટપાલ ન મળે તો પણ ઉમેદવાર સમાચાર પત્રમાં દર્શાવેલ સમયપત્ર મુજબ હાજર રહી શકે છે.

**9) મારા મેરીટની જાણ મને કેવી રીતે થશે ?**

➢ પ્રવેશ સમિતિની વેબસાઈટ www.diplomanursing.in પર મેરીટ લીસ્ટ મુકવામાં આવે છે. તે પરથી તમે તમારું મેરીટ જાણી શકો છો. જો શંકા જણાય તો રૂબરૂ પ્રવેશ સમિતિનો સંપર્ક કરી શકો છો.

**10) જી.એન.એમ/એ.એન.એમ કોર્ષમાં પ્રવેશ માટે મેરીટ કઈરીતે બનાવવામાં આવે છે ?**

- બંને કોર્ષના મેરીટ માટે ચાલુ શૈક્ષણિક વર્ષનાં વિજ્ઞાન પ્રવાહનાં ઉમેદવારોને પ્રથમ પ્રવેશ આપવામાં આવે છે. ત્યાર બાદ બાકી રહેલ બેઠકો પર ચાલુ વર્ષના સામાન્ય પ્રવાહના અંગ્રેજી વિષય સાથે ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોને પ્રવેશ

  આપવામાં આવે છે. ત્યાર બાદ ખાલી પડેલ બેઠક પર અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારો પૈકી પ્રથમ વિજ્ઞાન પ્રવાહ ત્યાર બાદ જો બેઠકો ખાલી રહે, તેના પર સામાન્ય પ્રવાહના અગાઉના વર્ષોમાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોને પ્રવેશ મળશે. ધોરણ ૧૨ માં અંગ્રેજી વિષય ન હોય તો GNM માં પ્રવેશ મળવાપાત્ર નથી, પરંતુ ફક્ત ANM માં પ્રવેશ મળવા પાત્ર છે.

**11) જો પ્રથમ પ્રવેશ પ્રક્રિયા ચુકી જવાય તો શુ કરવું ?**

- જો પ્રથમ પ્રવેશ પ્રક્રિયામાં જે તે દિવસે હાજર ન રહેવાય તો પ્રવેશ પ્રક્રિયા ચાલુ હોય તે દરમિયાન તમારા નિર્ધારીત ક્રમ પછી આવો તો, જે મેરીટ ક્રમ અને ઉપલબ્ધ સીટ હોય તે મુજબની જગ્યાઓ પર પ્રવેશ મેળવી શકો છો, પરંતુ તમારા મેરીટ ક્રમ વખતે જે સંસ્થાઓ ઉપલબ્ધ હતી તેના પર હક્ક તેમજ દાવો રહેશે નહી.

  વધુમાં જો ( પ્રથમ કાઉન્સેલિંગ ) પ્રથમ પ્રક્રિયા પણ ચુકી જવાય તો, રિશફલિંગ વખતે ફરી વેબસાઈટ ઉપર તેમજ અગ્રણી સમાચાર પત્રોમાં જણાવ્યા મુજબ ની નિર્દિષ્ટ તારીખે અને સમયે હાજર રહીને તે વખતની ઉપલબ્ધ સંસ્થામાં પ્રવેશ મેળવી શકો છો.

  જો ઉમેદવાર કાઉન્સેલિંગની તારીખે સમયે અને સ્થળે, ગંભીર માંદગી, અકસ્માત અથવા અનિવાર્ય સંજોગોને કારણે જાતે હાજર ન રહી શકે તે કિસ્સામાં તેના માતા,પિતા અથવા વાલીએ પ્રવેશ સમિતિની પૂર્વ મંજુરી મેળવ્યા પછી, ગેરહાજરી અંગેના કારણ દર્શાવતો, દસ્તાવેજી પુરાવા સાથેનો તેમજ સંસ્થાઓની અગ્રતા અને પસંદગીનો ક્રમ દર્શાવતો, ઉમેદવારે સહી કરેલો અધિકૃત પત્ર રજુ કરવો જોઇશે. જેનો નમુનો વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

**12) જી.એન,એમ/એ.એન.એમ પ્રવેશ માટે આરક્ષિત અને બિન આરક્ષિત બેઠકોની ટકાવારી વિષે જણાવશો ?**

- અનુસુચિત જાતી ( **Scheduled Caste** ) – ૭%
- અનુસુચિત જનજાતિ ( **Scheduled Tribe** ) – ૧૫%
- સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ ( **Socially and Educationally Back ward Class** ) – ૨૭%
- અન્ય તમામ સીટો સામાન્ય વર્ગ માટે ઉપલબ્ધ થાય છે.

**13) આ બેઠકો સિવાય અન્ય આરક્ષિત બેઠકો છે ?**

- હા, ઉપરોક્ત સરકારશ્રી દ્વારા નિયત કરેલ સામાન્ય નિયમો અનુસારની આરક્ષિત બેઠકો ઉપરાંત
- (અ) સરકારશ્રી દ્વારા સંચાલિત નર્સિંગ સ્કુલોમાં વિધવા ત્યકતા, અનાથબાળા, તેમજ સોંપેલ કન્યા (**Committed girl**) માટે સરકારી નર્સિંગ સ્કુલ દીઠ (૧) બેઠક (**SEBC**) સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ ની આરક્ષિત બેઠકોમાંથી ફાળવવામાં આવે છે.
- (બ) એ.એન.એમ/એફ.એચ.ડબલ્યુ/એલ.એચ.વી/એફ.એચ.એસ, જેઓ સરકારશ્રી અથવા પંચાયતની સેવામાં કાર્યરત હોય અને ૧૦+૨ ધોરણ અને **FHW**, **ANM** કોર્ષ કરેલ હોય તેઓ માટે સરકારશ્રી સંચાલિત નર્સિંગ સ્કૂલમાં (૧) બેઠક સામાન્ય બેઠકમાથી આરક્ષિત કરવામાં આવે છે.
- (ક) નર્સિંગ કોર્ષ એ માનવ જીવનની સારવાર સાથે સંકળાયેલ હોવા થી ૩% બેઠકો ( જે તે કેટેગરીમાં ) શારીરીક વિક્લાંગ જેઓ ફક્ત પગમાં ૪૦% થી ૫૦% વિકલાંગતા ધરાવતા હોય તેઓ માટે આરક્ષિત કરવામાં આવે છે.
- (ડ) દરેક નર્સિંગ સ્કુલની કુલ બેઠકોની ૧૦% બેઠકો પુરૂષ ઉમેદવારો માટે આરક્ષિત છે. જેમાં નિયમાનુસાર સ્વનિર્ભર નર્સિંગ સ્કૂલો માટે પુરૂષ ઉમેદવારો ભરવા કે ન ભરવા માટેનો વિકલ્પ આપેલ છે.

**14) પ્રવેશ માટે કેટલા પ્રકારની બેઠકો ઉપલબ્ધ છે ?**

- પ્રવેશ માટે ત્રણ પ્રકારની બેઠકો ઉપલબ્ધ છે જે નીચે મુજબ છે,
- (અ) <u>સરકારી બેઠકો,</u>

  સરકાર સંચાલિત નર્સિંગ સ્કૂલોની તમામ બેઠકો તેમજ સ્વનિર્ભર નર્સિંગ સ્કૂલોની કુલ બેઠકો પૈકીની ૭૫% બેઠકો,
- (બ) <u>મેનેજમેન્ટ બેઠકો,</u>

  સ્વનિર્ભર નર્સિંગ સ્કૂલોની કુલ બેઠકો પૈકી ૨૫% બેઠકો,

**15) જી.એન.એમ/એ.એન.એમ કોર્ષની પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાત શુ છે ?**

- (અ) જી.એન.એમ કોર્ષના પ્રવેશ માટે ૧૦+૨ ધોરણ, વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહ અંગ્રેજી વિષય સાથેનો અભ્યાસ જરૂરી છે. તે સિવાયના અન્ય કોઈપણ પ્રવાહ કે કોર્ષ માન્ય નથી. એ.એન.એમ કોર્ષ માટે અંગ્રેજી વિષય ફરજીયાત નથી.
- (બ) ૧૦+૨ સામાન્ય પ્રવાહ અથવા વિજ્ઞાન પ્રવાહ ગુજરાત બોર્ડ માથી અથવા **CBSE** (સેન્ટ્રલ બોર્ડ હાઈ સેકેન્ડરી બોર્ડ) સ્કુલ જે ગુજરાતમાં સ્થિત હોય.
- (ક) કાઉન્સીલ ઓફ ઇન્ડિયન સ્કુલ સર્ટીફીકેટ એકઝામીનેશન, નવી દિલ્હી બોર્ડ ધરાવતો કોર્ષ જે ગુજરાતમાં સ્થિત હોય.

- (ડ) ૧૦+૨ અને FHW/ANM કોર્ષ કરેલ હોય પરંતુ જી.એન.એમ કોર્ષ કરવો હોય અને સરકારશ્રી અથવા પંચાયતની સેવામાં કાર્યરત હોય તેઓ માટે ઉપર જણાવ્યા મુજબ (અ,બ,ક)માં અંગ્રેજી વિષય હોવો ફરજીયાત છે.
- નિયમઅનુસાર પ્રવેશ સમિતિ દ્વારા પ્રસારિત અરજીપત્રક ભરતી વખતે જે તે શૈક્ષણિક વર્ષમાં પુરક પરીક્ષા ( **Supplementary Examination** ) આપેલ હોય તેઓ પ્રવેશપત્ર ભરી શકશે નહી.

**16) જી.એન.એમ/એ.એન.એમ કોર્ષ માટે લાયકાતના ધોરણ શુ છે,? કોણ અરજી કરી શકે ?**

- (અ) ઉમેદવાર ભારતીય હોવો જોઇયે.
- (બ) ઉમર માટે શૈક્ષણિક વર્ષની ૩૧ ડિસમ્બરે ૧૭ વર્ષ થી ઓછી નહી અને ૩૫ વર્ષથી વધુ ઉમર ન હોવી જોઇએ. પરંતુ સરકાર તેમજ પંચાયત સેવામાં કાર્યરત ANM/FHW/LHV તેમજ FHS જેઓને GNM કોર્ષ કરવો છે તેઓ માટે વય મર્યાદા નો બાધ નથી.
- (ક) અનુસુચિત જાતી (**SC**) અનુસુચિત જનજાતિ (**ST**) તેમજ સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ (**SEBC**) ઉમેદવારો માટે લધુતમ ટકાવારી ૩૫% છે.
- (ડ) સામાન્ય વર્ગના ઉમેદવાર માટે લધુતમ ટકાવારી ૪૦% છે.

**17) જો મેનેજમેન્ટ બેઠકો પર પ્રવેશ લેવો હોય તો શુ કરવું ?**

- મેનેજમેન્ટ બેઠકના પ્રવેશ માટે પણ પ્રવેશ સમિતિ દ્વારા બહાર પાડેલ અરજીપત્રક ભરી મેરીટ યાદીમાં આવવું જરૂરી છે.
- જેટલી સ્વનિર્ભર નર્સિંગ કોર્ષ ચલાવતી સંસ્થાઓ છે તેઓએ બધાએ મળીને સંયુક્ત કમિટિ (**Consortium**) બનાવેલ છે, તેઓ અગ્રણી વર્તમાન પત્રમાં મેનેજમેન્ટ બેઠકના પ્રવેશ માટેના ફોર્મ કયાંથી મેળવવા, પરત કરવા, તેનું સ્થળ અને સમય મર્યાદા (તારીખ) જણાવશે.
- ઉમેદવાર સ્વનિર્ભર સંસ્થામાથી પ્રવેશપત્ર મેળવી શકશે અને પરત કરી શકશે.
- મેળવેલ સમગ્ર લાયક પ્રવેશ પત્રોમાંથી પ્રવેશને પાત્ર ઉમેદવારોનું **Consortium** કોમન મેરીટ બનાવશે, એડમિશન કમિટિ તેની ચકાસણી કરશે, દરેક ઉમેદવારોને આ **Consortium** પત્ર લખી તેનો મેરીટ ક્રમાંક પ્રવેશનું સ્થળ અને તારીખ જણાવશે.
- મેનેજમેન્ટ બેઠકોનો પ્રવેશ એડમિશન કમિટિની દેખરેખ અને નિયંત્રણ હેઠળ થાય છે.

**18) જી.એન.એમ.એ.એન.એમ કોર્ષ માટે અરજી સાથે ક્યાં દસ્તાવેજો જોડવા જરૂરી છે ?**

- ઉમેદવારે સ્વયં પ્રમાણિત નકલો જોડવી જોઇયે,
- એસ.એસ.સી પરીક્ષા ( ધોરણ ૧૦ ) નું ગુણપત્રક, અને પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર.
- એચ.એસ.સી પરીક્ષા ( ધોરણ ૧૨ ) નું ગુણપત્રક,
- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા તબદીલી પ્રમાણપત્ર,

- અનુસુચિત જાતી (SC)અનુસુચિત જનજાતિ(ST) અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) માટે સત્તા આપેલ સત્તાધિકારી દ્વારા આપેલ જાતીઅંગેનું પ્રમાણપત્ર,
- (SEBC) ઉમેદવારે શૈક્ષણિક વર્ષમાં અપ્રિલ મહિનાની ૧ લી તારીખ અને તે પછી કાઢી આપેલું નોન-ક્રીમીલેયર ( ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું ) પ્રમાણપત્ર,
- આ હેતુ માટે રચાયેલા તબીબી બોર્ડ દ્વારા કાઢી આપેલું અને યોગ્ય રીતે સહી કરેલું શારિરીક અશકતતાનું પ્રમાણપત્ર,
- **ANM/FHW/LHV** તેમજ FHS ની આખરી પરીક્ષાનું ગુણપત્રક અને પ્રમાણપત્ર,
- રાજ્યસેવા અથવા પંચાયત સેવા હેઠળના કર્મચારીઓના કિસ્સામાં સક્ષમ અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર,
- અભ્યાસક્રમ માટે નિયત નમૂનામાં શારીરીક યોગ્યતા પ્રમાણપત્ર ( અરજીપત્રકમાં સામેલ હોય છે )

**19) શુ મારે મારા અસલ પ્રમાણપત્રો પ્રવેશ કાર્યક્રમ સમયે લાવવાના રહેશે ?**

- હા, સરકારી બેઠકો માટેની પ્રવેશ પ્રક્રિયા તેમજ મેનેજમેન્ટ બેઠકો માટેની પ્રવેશ પ્રક્રિયા હોય ત્યારે દરેકમાં અસલ પ્રમાણપત્રો ની ખરાઈ કરવાની હોવાથી પ્રવેશ પત્રમાં જણાવેલ તમામ અસલ પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે.

**20) નર્સિંગના પ્રવેશ માટે ફીનું ધોરણ શુ છે ?**

- સરકારી નર્સિંગ સ્કૂલમાં ફી પેટે રૂ!.૫૦/- લેવામાં આવે છે. તેમજ રૂ!.૨૦૦૦/- ડીપોઝીટ પેટે લેવામાં આવે છે.
- સ્વનિર્ભર નર્સિંગ સ્કુલ માટે ફી નિર્ધારણ સમિતિ દ્વારા જે ફી નક્કી થાય તે મુજબ ફી ભરવાની થાય છે, પ્રવેશ વખતે રૂ!.૧૫૦૦૦/- ટોકન ફી લેવામાં આવે છે, બાકીની એક ટર્મની ફી એક્સીસ બેંકમાં સાત દિવસમાં ભરવાની થાય છે,
- ફી માટેની સમગ્ર જાણકારી પ્રવેશ સમિતિની વેબસાઈટ પર પણ મુકવામાં આવે છે, અત્રેથી લેવાતી ફી ફક્ત ટ્યુશન ફી છે, હોસ્ટેલ તેમજ અન્ય ફી ઉમેદવારે અલગથી સંસ્થામાં આપવાની રહેશે.

**21) જો પ્રવેશ રદ કરવો હોય તો શુ કરવું ?**

- એડમિશન લીધા પછી ૭ દિવસમાં સંસ્થામાં હાજર થવું જરૂરી છે.
- જો પ્રવેશ રદ કરવો હોયતો રિશફલિંગ પ્રક્રિયાના ત્રણ દિવસ પહેલા સુધીમાં પ્રવેશ સમિતિમાં આવીને લેખિત અરજી આપી પ્રવેશ રદ કરી શકે છે. તેમજ રિશફલિંગની પ્રક્રિયા દરમ્યાન પણ પ્રવેશ રદ કરી શકે છે.

**22) પ્રવેશ રદ કરતા ફી તેમજ અસલ પ્રમાણપત્રો પરત મેળવવા શુ કરવું ?**

- જો પ્રવેશ પ્રથમ કાઉન્સીલીંગ પછી કે રિશફલિંગ દરમ્યાન રદ કરે તો પ્રવેશ સમિતિ દ્વારા આવી ખાલી થયેલી બેઠક ભરવામાં આવે તે શરત ને આધીન રહીને ફી પરત કરશે. જે પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા બાદ આપવામાં આવે છે. અસલ પ્રમાણપત્રો પણ પ્રવેશ પ્રક્રિયા બાદ જ પરત કરવામાં આવે છે.

- **વધુમાં વિગતવાર જાણકારી માટે GNM/ANM કોર્ષ માટે બહાર પાડેલ નિયમો જોવા.**